# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૧૪/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

# સુરતને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અપાવવા સિંહફાળો આપનારા અને મહત્વની ભૂમિકા ભજવનારાઓનું ચેમ્બર દ્વારા સન્માન

**સન્માન સમારોહમાં આમંત્રિત મહેમાનોએ 'સુરત ઉડાન ભરે અને ભરતુ રહે' એવી શુભેચ્છાઓ પાઠવી**

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરતને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અપાવવા માટે વર્ષોથી રજૂઆત કરનારા અને ઇન્ટરનેશનલ એર કનેકટીવિટી માટે સિંહફાળો આપનારા તમામનું સન્માન કરવામાં આવ્યુ હતુ. ચેમ્બર દ્વારા 'મીશન સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ'ના ભાગરૂપે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયાના ભુતપુર્વ ચેરમેન શ્રી કે. રામલિંગમ, નેશનલ એરપોર્ટ ઓથોરિટીના ભુતપુર્વ ચેરમેન શ્રી આનંદ મોહન ભારદ્વાજ અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયાના વેસ્ટર્ન રિજનના ભુતપુર્વ રિજનલ એકઝીક્યુટીવ ડાયરેકટર શ્રીમતી કે. હેમલથા તથા ઉદ્યોગપતિ શ્રી સેવંતીભાઇ શાહ, સુરત પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા અને વી વર્ક ફોર વર્કીગ એરપોર્ટ એટ સુરતના નામથી સોશિયલ મીડિયા ઉપર અવેરનેસ ફેલાવનાર શ્રી શૌનક દેસાઇનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

છેલ્લાં ત્રણ દાયકાથી ચેમ્બરના માધ્યમથી સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ માટે સતત રજૂઆતોનો દોર જારી રાખી ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી મેળવીને જ જંપનારા ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની એરપોર્ટ કમિટીના એડવાઇઝર શ્રી રજનીકાંત મારફતિયાને સન્માનપત્ર આપીને તેમનુ બહુમાન કરવામાં આવ્યુ હતુ.

સાથે જ સાસંદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા ઉદ્યોગપતિઓ શ્રી ગોવિંદભાઇ ધોળકીયા, શ્રી સવજીભાઇ ધોળકીયા, શ્રી લવજીભાઇ બાદશાહ, શ્રી લાલજીભાઇ પટેલ, શ્રી પ્રિયાંક દેસાઇ (વી વર્ક ફોર વર્કીગ એરપોર્ટ એટ સુરત), સચિન ઇન્ફ્રા એન્વાર્યમેન્ટ લિમિટેડ, પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ કો–ઓપરેટીવ સોસાયટી લિમિટેડ, પલસાણા એન્વાર્યમેન્ટ પ્રોટેકશન લિમિટેડે સુરતને આંતરરાષ્ટ્રીય એર કનેકટીવિટી અપાવવા માટે આપેલા સિંહફાળાની વિશેષ નોંધ લેવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સન્માન સમારોહમાં તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે સુરત એરપોર્ટને ઇન્ટરનેશનલ એર કનેકટીવિટી મળવાથી સૌથી મોટો ફાયદો ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને થશે. આખુ ગુજરાત હવે વિશ્વ સાથે જોડાશે, ટુરીઝમ કલ્ચર વિકસશે અને નવી ઘણી બધી ફેસીલિટી ઉપલબ્ધ થશે. દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે આ ખૂબ જ મહત્વનો ફાળો રહેશે.

શ્રી રજનીકાંત મારફતિયાએ જણાવ્યુ હતુ કે, વર્ષ ૧૯૮૭માં ચેમ્બરના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો ત્યારથી સુરતને એર સર્વિસ માટેની રજૂઆતની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૭માં સુરત એરપોર્ટ માટે જમીન ફાળવવામાં આવી હતી. સુરતમાં ડુમસ રોડ ઉપર એરપોર્ટ બન્યા બાદ ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી માટે પણ સતત રજૂઆતો કરવામાં આવી હતી. સુરત એરપોર્ટ માટે સાંસદશ્રીઓ, ચેમ્બર, અન્ય સંસ્થાઓ તથા સોશિયલ મિડીયા ઉપર અવેરનેસ કરનાર ગૃપોએ મહેનત કરી હતી. જેના ફળસ્વરૂપે આજે સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી મળી છે અને આગામી તા. ૧૬ ફેબ્રુઆરીથી સુરતથી શારજાહ વચ્ચે પહેલી આંતરરાષ્ટ્રીય ફલાઇટ ઉડાન ભરશે.

નેશનલ એરપોર્ટ ઓથોરિટીના ભુતપુર્વ ચેરમેન શ્રી આનંદ મોહન ભારદ્વાજે જણાવ્યુ હતુ કે સુરતની પ્રગતિ જોઇને હુ હેરાન થઇ ગયો છુ. સુરત એરપોર્ટ તો બની ગયુ છે પણ આ એરપોર્ટ પર એરબસના એમઆરઓ સ્થાપિત કરી શકાય તો મોટી એકટીવિટી થશે. ખૂબ જ મોટી સંખ્યામાં લોકોને રોજગાર મળશે અને સુરતને મોટો બિઝનેસ મળશે. સુરત ઉડાન ભરે અને ભરતુ રહે એવી શુભેચ્છા પાઠવુ છુ.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયાના ભુતપુર્વ ચેરમેન શ્રી કે. રામલિંગમે જણાવ્યુ હતુ કે કસ્ટમ નોટીફાઇડ એરપોર્ટથી સુરતને ઈન્ટરનેશનલ ફલાઇટની મંજુરી મળી છે. જો કે આંતરરાષ્ટ્રીય મોટા એરક્રાફટ માટે એ રીતનો રનવે બનાવવાનો બાકી છે. આજે નહી તો કાલે સુરત એરપોર્ટ ખાતે મોટો રનવે પણ બની જ જશે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયાના વેસ્ટર્ન રિજનના ભુતપુર્વ રિજનલ એકઝીકયુટીવ ડાયરેકટર શ્રીમતી કે. હેમલથાએ જણાવ્યુ હતુ કે જે રીતે મોટી માછલી નાની માછલીને ખાઇ જાય છે એ રીતે સુરત એરપોર્ટ ડેવલપ નહી થવા પાછળ મુંબઇ એરપોર્ટ કારણભુત હતુ. હવે જયારે સુરત એરપોર્ટને કસ્ટમ નોટીફાઇડ મળી ગયુ છે ત્યારે આગળના રસ્તા આપોઆપ ખુલી જશે.

સુરત પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા (આઇપીએસ)એ જણાવ્યુ હતુ કે સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી મળ્યા બાદ પોલીસ વિભાગ દ્વારા પણ ઇમીગ્રેશન વર્ક અને સિકયુરીટી માટે વેલ ટ્રેઇન્ડ અધિકારીઓ અને જવાનોને એરપોર્ટ ઉપર ફાળવી દેવામાં આવ્યા છે.

ઉદ્યોગપતિ શ્રી સેવંતીભાઇ શાહે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ઉદ્યોગપતિઓને એવો સવાલ પુછયો હતો કે ડાયમંડ ઇન્ડસ્ટ્રી સુરતમાં છે તો બિઝનેસ મુંબઇમાં કેમ છે? તેઓ મુખ્યપ્રધાન હતા ત્યારથી તેઓએ સુરત એરપોર્ટ વિશે ઘ્યાન આપ્યુ હતુ અને વડાપ્રધાન બન્યા બાદ સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી માટે પણ સહકાર આપ્યો હતો.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્ર ચોખાવાલાએ જણાવ્યુ હતુ કે સુરત એરપોર્ટ માટે જે સ્વપ્ન હતુ તે પુર્ણ થાય છે. એના માટે જે લોકોએ સિંહફાળો આપી રજુઆતો કરી એમણે સમાજ અને દેશ પ્રત્યેની ફરજ નિભાવી છે. આથી એવી સર્વે વ્યકિતઓનું સન્માન થવુ જોઇએ.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે જણાવ્યુ હતુ કે એક સર્વે મુજબ વર્ષ ૨૦૩૫ સુધીમાં વિશ્વમાં સુરતનુ નામ મોખરે હશે. એના માટે સુરતને ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી મહત્વનો ભાગ ભજવશે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે બધાની મહેનત રંગ લાવી છે અને સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી મળી છે.

ચેમ્બરની એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી મનોજ સિંગાપુરી અને ડો. મુકુલ ચોકસીએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ સન્માન સમારોહમાં આમંત્રિત મહેમાનો અને ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.